# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July – 2026

**Course Name : BSW**
**Subject Name : દિવ્યાંગ વ્યક્તિઓ અને સમાજકાર્ય**
**Subject Code : BSW-503**

**Date : 08-07-2026**
**Time : 11:30am to 01:45pm**
**Max Marks : 70**

---

**પ્રશ્ન-1. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) દિવ્યાંગતાના વ્યવસ્થાપનમાં પુનર્વસન ની ભૂમિકા સમજાવી, તેના તબીબી, શૈક્ષણિક અને વ્યાવસાયિક પ્રકારોની ચર્ચા કરો.

(2) રાષ્ટ્રીય ટ્રસ્ટ અધિનિયમ, 1999 નો મુખ્ય હેતુ અને તેમાં આવરી લેવામાં આવેલી ચાર દિવ્યાંગતાઓ વિશે વિગતવાર જણાવો.

**પ્રશ્ન-2. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) દિવ્યાંગ મહિલાઓ અને બાળકો દ્વારા સામનો કરવામાં આવતા વિશિષ્ટ પડકારો સમજાવી, તેમના રક્ષણ અને સશક્તિકરણ માટેના હસ્તક્ષેપો ચર્ચો.

(2) દિવ્યાંગતાના સામાજિક મોડેલ અને તબીબી મોડેલ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી, અધિકાર આધારિત મોડેલનું મહત્ત્વ સમજાવો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) વિકલાંગ વ્યક્તિઓ અધિનિયમ, 1995 ની મુખ્ય જોગવાઈઓ અને ભારતમાં દિવ્યાંગ અધિકાર ક્ષેત્રમાં તેના મહત્ત્વનું વર્ણન કરો.

(2) દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમના પરિવારો માટે સલાહ અને માર્ગદર્શન ની પ્રક્રિયા અને ટેકનિકો વિશે વિગતવાર સમજાવો.

**પ્રશ્ન-4. ટૂંકનોંધ લખો (કોઈપણ બે).** **( 14 )**

(1) અસ્થિ વિષયક દિવ્યાંગતા માટેના સહાયક સાધનો

(2) સામાજિક સુરક્ષા યોજનાઓ: દિવ્યાંગ પેન્શન યોજના

(3) દિવ્યાંગો માટે અવરોધમુક્ત વાતાવરણ

(4) સમુદાય આધારિત પુનર્વસન (CBR) ના મુખ્ય ઘટકો

**પ્રશ્ન-5. સાચો વિકલ્પ પસંદ કરો.** **( 14 )**

**(1) બ્રેઇલ લિપિ નો ઉપયોગ કઈ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે થાય છે?**

A) સાંભળવાની ક્ષતિ B) શારીરિક દિવ્યાંગતા

C) દ્રષ્ટિહીનતા D) માનસિક મંદતા

**(2) ADIP યોજના નું પૂરું નામ શું છે?**

A) અસિસ્ટિવ ડિવાઇસિસ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ B) દિવ્યાંગ વ્યક્તિઓ માટે સહાયક સાધનો ખરીદવા/ફીટ કરવા માટેની સહાય યોજના

C) અર્બન ડેવલપમેન્ટ ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ D) આર્થિક સહાય અને વીમા યોજના

**(3) દિવ્યાંગતાની વિભાવનાને સમજવામાં સામાજિક કાર્યની ફિલસૂફી કયા અભિગમ પર ભાર મૂકે છે?**

A) તબીબી સારવાર B) વ્યક્તિ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ

C) ધાર્મિક અભિગમ D) માત્ર શિક્ષણ

**(4) WHO દ્વારા અપાયેલો દિવ્યાંગતાનો ખ્યાલ કયા ત્રણ પાસાં પર આધારિત છે?**

A) ગરીબી, બીમારી, ઉપેક્ષા B) ક્ષતિ, દિવ્યાંગતા, હેન્ડીકેપ

C) સામાજિક, આર્થિક, શૈક્ષણિક D) શારીરિક, માનસિક, ભાવનાત્મક

**(5) વ્યક્તિગત શૈક્ષણિક યોજના (IEP) કોના માટે તૈયાર કરવામાં આવે છે?**

A) સામાન્ય બાળકો માટે B) દિવ્યાંગ બાળકની વિશિષ્ટ જરૂરિયાતો માટે

C) શિક્ષકો માટે D) શાળાના વહીવટ માટે

**(6) દિવ્યાંગતાના નિવારણના કયા સ્તરમાં રોગ કે ઈજા થાય તે પહેલાં જ અટકાવવાના પગલાં લેવામાં આવે છે?**

A) તૃતીયક B) દ્વિતીયક

C) પ્રાથમિક D) વ્યવસ્થાપન

**(7) સહાયક સાધનોનો મુખ્ય ઉદ્દેશ શું છે?**

A) દિવ્યાંગતાને સંપૂર્ણપણે મટાડવી B) દિવ્યાંગ વ્યક્તિઓની ગતિશીલતા અને કાર્યક્ષમતા વધારવી

C) માત્ર સરકારી રેકોર્ડ રાખવો D) માત્ર તબીબી તપાસ

*****